# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૩૬ તા.૧૪-૭-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય :- SVEEP PLAN અંતર્ગત વાલી સંમેલન યોજવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, ચૂંટણી પંચના નિર્દેશ અનુસાર અને માન. કલેકટરશ્રીની અધ્યક્ષતામાં મળેલ મીટીંગમાં કરેલ આદેશ અનુસાર હાલ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૭ ચાલી રહ્યો છે. આથી વધુમાં વધુ સંખ્યામાં મતદાર નોંધણી થાય અને મતદાર જાગૃતિ કેળવાય તે હેતુથી તમામ મુખ્ય શિક્ષકશ્રીઓએ મતદાન પ્રત્યે લોકોમાં જાગૃતિ ફેલાય તે માટે આ સાથેના યાદી મુજબના બીટ કેન્દ્રો પર વાલી સંમેલન યોજવામાં આવ્યા છે. આ વાલી સંમેલનમાં તમારી શાળાના વધુને વધુ વાલીઓ ઉપસ્થિત રહે તે માટે જાણ કરશો.

આ મતદાન જાગૃતિ અભિયાન ૧લી જુલાઈથી ૩૧ મી જુલાઈ સુધી છે. આ અંગેની જાણ વિદ્યાર્થીઓને કરી તેમના વાલીઓ જાગૃત બને તે માટે સઘન પ્રયત્ન કરવાના રહેશે.

તા.૧૪-૭-૧૭

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ

## મતદાન જાગૃતિ - વાલી સંમેલન

| ક્રમ | બીટનું નામ | વાલી સંમેલનની તારીખ | સમય | વાલી સંમેલનનું સ્થળ | જવાબદાર અધિકારીનું નામ | સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|---|

### પૂર્વ ઝોન- નોડલ અધિકારીશ્રી ડૉ. સત્યેન્દ્રસિંહ ઠાકુર નાયબ શાસનાધિકારી (૯૩૭૪૦૭૩૩૭૩)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમરાઈવાડી | ૧૫-૦૭-૨૦૧૭ | ૧૦.૩૦ | અમરાઈવાડી શા.૧ | કિશનસિંહ રાઠોડ | ૭૫૭૩૯૫૨૬૩૯ |
| ૨ | કરશનનગર-ઓઢવ | ૧૭-૦૭-૨૦૧૭ | ૧૧.૦૦ | ઓઢવ શા.નં.૩ | નૂતનબેન રાજપુત | ૭૫૭૩૯૫૨૬૩૮ |
| ૩ | રાજપુર-ગોમતીપુર | ૧૭-૦૭-૨૦૧૭ | ૧૨.૩૦ | ગોમતીપુર શા.૨ | નવનીત અસારી | ૭૫૭૩૯૫૨૬૪૦ |

### પશ્ચિમ ઝોન- નોડલ અધિકારીશ્રી દિનેશભાઈ દેસાઈ મદદનીશ શાસનાધિકારી

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪ | એલિસબ્રીજ-વાસણા | ૧૫-૦૭-૨૦૧૭ | ૮.૩૦ | એલિસબ્રીજ-૨ | સ્નેહલબેન મોદી | ૭૫૭૩૯૫૨૬૩૭ |
| ૫ | એલિસબ્રીજ-નારણપુરા | ૧૫-૦૭-૨૦૧૭ | ૮.૩૦ | નારણપુરા શા.૧ | રાધાબેન યાદવ | ૭૫૭૩૯૫૨૬૪૨ |
| ૬ | વાડજ-સાબરમતી | ૧૫-૦૭-૨૦૧૭ | ૮.૩૦ | મહાત્માગાંધી-૧ | રાધાબેન યાદવ | ૭૫૭૩૯૫૨૬૪૨ |

### ઉત્તર ઝોન- નોડલ અધિકારીશ્રી ચંદ્રકાંતભાઈ ગામેતી મદદનીશ શાસનાધિકારી (૯૪૨૯૨૫૪૪૫૦)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૭ | નરોડા | ૧૫-૦૭-૨૦૧૭ | ૯.૦૦ | નરોડા શા.૧ | રાજેશ આમલીયાર | ૭૫૭૩૯૫૨૬૪૩ |
| ૮ | સરસપુર-બાપુનગર | ૧૯-૦૭-૨૦૧૭ | ૧૧.૩૦ | સરસપુર-૧૩ | રાજેશ આમલીયાર | ૭૫૭૩૯૫૨૬૪૩ |
| ૯ | હાંસોલ-કુબેરનગર | ૧૮-૦૭-૨૦૧૭ | ૯.૦૦ | હાંસોલ-૧ | રાજેન્દ્ર પ્રજાપતિ | ૭૫૭૩૯૫૨૬૩૩ |
| ૧૦ | સૈજપુર | ૧૭-૦૭-૨૦૧૭ | ૯.૦૦ | સૈજપુર-૫ | રાજેન્દ્ર પ્રજાપતિ | ૭૫૭૩૯૫૨૬૩૩ |

### દક્ષિણ ઝોન- નોડલ અધિકારીશ્રી દિનેશભાઈ દેસાઈ મદદનીશ શાસનાધિકારી (૯૪૨૬૩૬૬૦૮૮)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૧ | બહેરામપુરા-દાણીલીમડા | ૧૫-૦૭-૨૦૧૭ | ૧૨.૩૦ | બહેરામપુરા-૩ | હસમુખભાઈ પટેલ | ૭૫૭૩૯૫૨૬૩૧ |
| ૧૨ | કાંકરિયા-મણિનગર | ૧૭-૦૭-૨૦૧૭ | ૧૨.૩૦ | મણિનગર-૬ | નવનીત અસારી | ૭૫૭૩૯૫૨૬૪૦ |
| ૧૩ | ઈસનપુર | ૧૭-૦૭-૨૦૧૭ | ૧૨.૩૦ | શાહવાડી-૨ | નવનીત અસારી | ૭૫૭૩૯૫૨૬૪૦ |

### મધ્ય ઝોન- નોડલ અધિકારીશ્રી ડૉ. સત્યેન્દ્રસિંહ ઠાકુર નાયબ શાસનાધિકારી (૯૩૭૪૦૭૩૩૭૩)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૪ | જમાલપુર | ૧૮-૦૭-૨૦૧૭ | ૧૧.૦૦ | બહેરામપુરા-૫ | દિપીકાબેન બ્રહ્મભટ્ટ | ૭૫૭૩૯૫૨૬૪૧ |
| ૧૫ | દરિયાપુર-કાલુપુર-ખાડિયા | ૧૯-૦૭-૨૦૧૭ | ૧૧.૦૦ | ખાડિયા-૨ | દિલીપ સાહુ | ૭૫૭૩૯૫૨૬૩૪ |
| ૧૬ | અસારવા | ૧૫-૦૭-૨૦૧૭ | ૧૦.૦૦ | મેઘાણીનગર-૨ | પ્રજ્ઞાબેન પંડયા | ૭૫૭૩૯૫૨૬૩૫ |
| ૧૭ | શાહપુર | ૧૭-૦૭-૨૦૧૭ | ૧૦.૦૦ | દૂધેશ્વર - ૩ | દિલીપ સાહુ | ૭૫૭૩૯૫૨૬૩૪ |

### હિન્દી / ઉર્દૂ ઝોન- નોડલ અધિકારીશ્રી ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદી નાયબ શાસનાધિકારી (૯૩૭૪૦૭૩૩૭૦)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૮ | જમાલપુર-દાણીલીમડા | ૧૫-૦૭-૨૦૧૭ | ૧૧.૦૦ | જમાલપુર ઉ.૪ | નિઝામભાઈ | ૭૫૭૩૯૫૨૬૪૪ |
| ૧૯ | રાજપુર ગોમતીપુર | ૧૮-૦૭-૨૦૧૭ | ૧૦.૩૦ | રાજપુર ઉ.૭ | દિપક મુખરજી | ૭૫૭૩૯૫૨૬૪૫ |
| ૨૦ | અમરાઈવાડી- સરસપુર-ગોમતીપુર | ૧૭-૦૭-૨૦૧૭ | ૧૦.૩૦ | ગોમતીપુર હિ.૧ | દિનેશ કુશવાહ | ૭૫૭૩૯૫૨૬૩૬ |
| ૨૧ | અસારવા-નારણપુરા | ૧૮-૦૭-૨૦૧૭ | ૧૦.૩૦ | નવાવાડજ હિ.૧ | જયદેશ દૂબે | ૭૫૭૩૯૫૨૬૩૨ |
| ૨૨ | કુબેરનગર-ઓઢવ | ૧૯-૦૭-૨૦૧૭ | ૧૦.૩૦ | વિનોબાભાવે હિ.૧ | જયદેશ દૂબે | ૭૫૭૩૯૫૨૬૩૨ |

# મતદારયાદીની સુધારણા - ૨૦૧૭

No Voter to be left behind

**મતદારયાદી સુધારણા કાર્યક્રમ - ૨૦૧૭ અંતર્ગત આપનું નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની અમૂલ્ય તક....**

**શું આપનું નામ અને ફોટો મતદારયાદીમાં છે ?**
**શું આપના કુટુંબના લાયક સભ્યોના નામ મતદારયાદીમાં છે ?**
**શું આપ જે મતદાન મથકના વિસ્તારમાં રહો છો તે જ વિસ્તારમાં આપનું નામ છે ?**

## આ વિગતોની ચકાસણી માટે મતદાર યાદી ક્યાં જોવા મળશે ?

**તા. ૦૧-૦૭-૨૦૧૭ થી તા. ૩૧-૦૭-૨૦૧૭ સુધી મતદારયાદીનો મુસદ્દો,**

- કલેક્ટર કચેરી
- મ્યુનિસિપલ કોર્પોરેશનની વોર્ડ કચેરી
- મતદાર નોંધણી અધિકારી/ પ્રાંત અધિકારી ની કચેરી
- ગ્રામ પંચાયતની કચેરી
- મામલતદાર કચેરી
- મ્યુનિસિપાલિટી

**ખાતે રાખવામાં આવેલ છે, જ્યાં આપ આપના નામની સામે આપના ફોટાની પણ રૂબરૂ ચકાસણી કરી શકશો. આ ઉપરાંત ફોટા વગરની મતદારયાદી આપ વેબસાઇટ www.ceo.gujarat.gov.in ઉપર પણ જોઈ શકશો.**

## જાગૃત નાગરીક તરીકે આપનો સહયોગ, લોકશાહી તંત્રની પાયાની જરૂરીયાત

**મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો?**

- તા. ૧/૧/૨૦૧૭ ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારનું નામ નોંધાવવા માટે નમુના-૬ (ઉંમર તથા રહેઠાણ ના પુરાવા સહિત) માં અરજી કરવી.
- નમુના-૬ માં આપના પાસપોર્ટ સાઇઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદાર યાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદાર યાદીમાંથી નામ રદ કરાવવા માટે નમુના-૭ માં અરજી કરવી.
- મતદાર યાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમુના-૮ માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમુના-૮(ક) માં અરજી કરવી.

**ઉપર્યુક્ત નમૂના કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી/પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાંથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો. ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઇટ www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઇન અરજી પણ કરી શકશો.**

**તા. ૦૯-૦૭-૨૦૧૭, તા. ૧૬-૦૭-૨૦૧૭, અને ૨૩-૦૭-૨૦૧૭ રવિવારના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ સવારે ૧૦-૦૦ થી સાંજે ૬-૦૦ કલાક દરમ્યાન આપના વિસ્તારના મતદાન મથકોએ પણ આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલી અરજીઓ તે જ સ્થળોએ પરત આપી શકશો.**

## હવે SMS દ્વારા પણ વિગતો ચકાસી શકાશે.

આપના મોબાઇલમાંથી ગુજરાત રાજ્યની કોઇપણ જગ્યાએથી epic<space> આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી ફોન નંબર ૮૫૧૧૧૯૯૮૯૯ પર SMS મોકલી આપવાથી આપની મતદારયાદીમાંની વિગતો જાણી શકાશે, અને તે જ પ્રમાણે blo<space> આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી SMS મોકલી આપવાથી આપના વિસ્તારના બુથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે.

## વધુ વિગતો માટે ૧૯૫૦ નંબર ઉપર સંપર્ક કરો

## યાદ રાખો

એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઇ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે.

## અરજી કરવાની તારીખ : ૦૧-૦૭-૨૦૧૭ થી તા. ૩૧-૦૭-૨૦૧૭ સુધી

**આપની પાસે મતદાર ફોટો ઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહી હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ ચકાસી લો કે જેથી યથા સમયે ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે.**